# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૧૨૧૮૫ તા. ૦૫/૦૩/૨૦૨૨

**પરિપત્ર-૨૬૪૧**

આ યુનિવર્સિટીના વિવિધ ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય પી. જી. કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ, સંસ્થાના વડાશ્રીઓ તથા તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, ભારત દેશમાં દર વર્ષે સમયસર રક્ત ન મળવાના કારણે અનેક દર્દીઓ પોતાનો જીવ ગુમાવે છે તેમજ અનેક દર્દીઓના સ્વજનોને સમયસર રક્ત મેળવવા માટે હાડમારી ભોગવવી પડતી હોય છે. માન. કુલપતિશ્રીના માર્ગદર્શન અનુસાર જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમના સ્વજનોને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સહાયરૂપ થઈ શકે તે માટે “સ્વૈચ્છિક રક્તદાતા ડિરેક્ટરી” તૈયાર કરવાનું નિયત કરેલ છે. આ સંદર્ભમાં આપને આપના ભવન, કોલેજ, માન્ય પી.જી. કેન્દ્ર અને સંસ્થામાં અભ્યાસ કરતા અને ભવિષ્યમાં સ્વૈચ્છિક રક્તદાન કરવા માંગતા વિદ્યાર્થીઓની જરૂરી માહિતી નીચે દર્શાવેલ ગુગલ ફોર્મમાં તા.૩૧/૦૩/૨૦૨૨ સુધી ભરવા/ભરાવવા માટે જરૂરી કાર્યવાહી કરવા તેમજ આ ગુગલ ફોર્મની લીંક આપના ભવન, કોલેજ, માન્ય પી.જી. કેન્દ્ર અને સંસ્થાના વોટ્સએપ ગ્રુપ, ફેસબુક પેજ, વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે. આપણા સૌનો આ સંયુક્ત પ્રયાસ કોઈના જીવન માટે ઉપયોગી બની રહેશે.

Google Link :

https://docs.google.com/forms/d/e/1FAIpQLSd5kAI0ljF--cgjqi4uWOLcDyXb5NrIt9smvxttJGISWtcIMA/viewform?usp=sf_link

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- આ યુનિવર્સિટીના ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય પી. જી. કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ, સંસ્થાના વડાશ્રીઓ તથા તમામ વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.